**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ००७.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. III -૩૯-૨૦૧૫-૧૬**

અરજદાર: ડોક્ટર એન્ડ ડોક્ટર,
ઠે. ૩૩૩-સી, ૩૩૪, જી.આઇ.ડી.સી.,
મકરપુરા રોડ, વડોદરા.

રજુઆત કરનાર: શ્રી ડો. એમ. કે. સીંગારી,
શ્રી અમર સીંગારી

વિરૂદ્ધ

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
જી.આઇ.ડી.સી., મકરપુરા સબ-ડિવિઝન,
વડોદરા.

રજુઆત કરનાર: શ્રી કુશ એ. વાર્સનેય, નાયબ ઇજનેર, એમ.જી.વી.સી.એલ., વડોદરા.

**વિષય : અરજદારની એલ.ટી., એમ.ડી. ટેરીફમાં સ્વીચ ઓવરની અરજીમાં થયેલ વિલંબ બાબતની ફરિયાદ.**
**ગ્રાહક નં. ૧૨૧૨/૫૦૭૮૬/૨.**

અરજદારની એન.આર. જી.પી. ટેરીફના કનેક્શનમાંથી એલ.ટી. એમ.ડી. ના ટેરીફમાં તબદીલ કરવાની અરજી માં થયેલ વિલંબ બાબતની ફરિયાદ તા. ૨૦.૧૧.૧૫ ના રોજ વડોદરા મુકામે સાંભળવામાં આવી. જેમાં અરજદાર તરફે શ્રી ડો. એમ. કે. સીંગારી તથા અમર સીંગારી અને સામાવાળા તરફે શ્રી કુશ એ. વાર્સનેય,, નાયબ ઇજનેર, જી.આઇ.ડી.સી., મકરપુરા, સબ-ડિવિઝન એમ.જી.વી.સી.એલ. ના હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી.

અરજદારની ફરીયાદની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર હાલમાં તેઓના ઉપરોક્ત દર્શાવેલ સ્થળે એન.આર.જી.પી. ટેરીફ ૨૩ કિ.વો. નું વીજ કનેક્શન ધરાવે છે. અરજદાર આ કનેક્શનને એલ.ટી. એસ.ડી. ટેરીફ ૪૫ કિ.વો. માં તબદીલ કરવા માંગે છે. અરજદારે સામાવાળાને તા. ૨૦.૦૫.૧૫ ના રોજ અરજ કરી તેઓના એન.આર.જી.પી. ટેરીફના કનેક્શનને એલ.ટી. એમ.ડી. ટેરીફ ના કનેક્શનમાં તબદીલ કરવા માંગણી કરેલ. પરંતુ સામાવાળાએ ટેરીફ તબદીલ ન કરતા અરજદારે તા. ૨૭.૦૭.૧૫ ના રોજ સામાવાળાને પત્ર લખી ફરીથી વિનંતી કરેલ. પરંતુ સામાવાળાએ કોઇ જવાબ આપલ નહીં કે ટેરીફ તબદીલ કરેલ નથી. અરજદારે હાલની અરજ કરી જણાવેલ છે કે અરજદાર અને સામાવાળા વચ્ચે વધારે બીલના મુદ્દે સીવીલ કોર્ટમાં કેસ ચાલતો હતો. જે અંગે લોક અદાલતમાં તા. ૧૬.૦૫.૧૫ ના રોજ સમાધાન થયેલ. સમાધાન મુજબ અરજદારે મુળ રકમ અને વ્યાજનાં ૨૫ % રકમ સાથે ચૂકવવાની હતી. તે મુજબ અરજદારે ૧૨ પોસ્ટ ડેટેડ ચેક સામાવાળાને આપેલ. આજ દિન સુધીમાં આ ચેક પૈકીના છ ચેક ચુકવાઇ ગયા છે અને બાકીના છ ચેક હવે પછીની પાકતી તારીખો એ ચૂકવાઇ જશે. આમ, અરજદારે લોક અદાલતમાં સમાધાન થયા મુજબનું વર્તન કરેલ હોઇ અરજદારનું કોઇ ચુકવણું બાકી છે તેમ કહી શકાય નહીં. અરજદારે તાત્કાલિક ટેરીફ તબદીલ કરવા માંગણી કરેલ છે.

અરજદાર તરફે ડો.એમ.કે.સીંગારી અને અમર સીંગારી હાજર રહ્યા અને જણાવ્યું કે:

અમો અરજદારે લોક અદાલતમાં થયેલ સમાધાન મુજબ તથા કોર્ટના હુકમ મુજબ શરૂઆતની ચૂકવણી નો ચેક તથા ૧૨ પોસ્ટ ડેટેડ ચેક આપેલ છે. જે પૈકી છ ચેક આજ દિન સુધીમાં ચૂકવાઇ ગયેલ છે. અને બાકીના ચેક હવે પછીની તારીખોમાં ચૂકવાઇ જશે. તેમ છતાં સામાવાળાએ તેઓની ટેરીફ તબદીલ કરવાની અરજી અંગે કોઇ કાર્યવાહી કરેલ નથી. જેથી તાત્કાલિક ટેરીફ ચેન્જ કરાવી આપવા રજૂઆત કરેલ છે.

સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી કુશ એ. વાર્સનેય, એ રજૂઆત કરેલ છે કે: અરજદારે સીવીલ કોર્ટમાં સ્પે. મુ.નં. ૧૫/૨૦૦૦ થી દાવો કરેલ. આ દાવા અંગે તા. ૧૬.૦૫.૧૫ ના રોજ લોક અદાલતમાં સમાધાન થયેલ. અને બાકી લેણાં રકમ રૂા. ૪,૩૮,૩૬૨.૩૭ ના ૧૨ હપ્તા દરેક હપ્તો રૂા. ૩૬૫૩૩/- નો મંજૂર થયેલ. જેના પોસ્ટ ડેટેડ ચેક ફરિયાદીએ જમા કરાવેલા છે. જેમાંથી છ ચેક મુદત થતા રકમ ચૂકતે થયેલ છે અને બાકી ના છ મુદત થતા રજૂ કરવાના રહે છે. આ અંગેની મૌખિક માર્ગદર્શન, વિભાગીય કચેરીએ પૂછતા વિભાગીય કચેરીએ વર્તુળ કચેરીને માર્ગદર્શન માટે મોકલેલ. જે વર્તુળ કચેરીએ તા. ૨૬.૧૦.૧૫ ના રોજ ટેરીફ ચેન્જ ઓવરની અરજી માન્ય રાખી શકાય નહીં એમ જણાવેલ.

ફોરમ ના સભ્યોએ રજૂ કરેલ પૂરાવા અને ચર્ચાના આધારે નીચે મુજબની હકીકત ધ્યાને લીધી.

સદર ગ્રાહકે લોક અદાલતમાં કાયદેસર રજૂઆત કરી ને સદરહું બાકી રકમ અને વ્યાજના ૨૫% રકમ સહીત ભરવા સંમત થયેલ છે. આમાં લેણાં રકમ બાર હપ્તામાં સ્વીકારવાનું બંને પક્ષો વચ્ચે સમાધાન થયું. જેથી હપ્તાના ચેક આગોતરા ગ્રાહકે જમા કરાવેલ અને અત્યાર સુધીની નિયમિત હપ્તાની રકમ એમ.જી.વી.સી.એલ.નાં ખાતામાં જમા થાય છે.તેથી ગ્રાહકની ટેરીફ ચેન્જ ઓવરની માંગણી વાજબી ગણાય. લેણાંના ચેક પાછા ફરે તો સામાવાળા કનેક્શન કાપવા કાયદેસર સત્તા ધરાવે છે. આથી સામાવાળાએ કનેક્શન નાણાં બાકીના આધારે ટેરીફ સ્વીચ ઓવરની માંગણી ના મંજૂર કરી તે યોગ્ય ગણાય નહીં.

## <u>હુકમ</u>

ફોરમ આથી મધ્ય ગુજરાત વીજ કંપની લી. ને તાકીદ કરે છે કે મે. ડોક્ટર એન્ડ ડોક્ટર કં. ની ટેરીફ ચેન્જની અરજીને નિયમ મુજબ મંજૂર કરવી.

| (પી.કે.અગ્રવાલ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
|---|---|---|
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.
(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.
(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.
(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.
(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.
(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.
(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.
(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.
(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.